# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત
## આંતરિક કસોટી - ૨૦૧૭
## એમ. કોમ. સેમેસ્ટર - I (ગુ.મા.)
## Economics of Growth, Development & Planning : I

**તારીખ : ૧૩/૦૯/૨૦૧૭** — **બેઠક નંબર : .........**

**સમય : ૦૮:૦૦ થી ૧૦:૦૦** — **કુલ ગુણ : ૫૦**

---

**પ્રશ્ન : ૧** નીચેના પ્રશ્નોનાં અતિ ટૂંકમાં જવાબ આપો. (કોઈ પણ દસ) **(૧૦)**

૧. ભાવ પદ્ધતિની મુખ્ય મર્યાદાઓનો નિર્દેશ કરો.
૨. અવિરત વિકાસ ક્ષમતાનો ખ્યાલ સ્પષ્ટ કરો.
૩. માનવ વિકાસના ખ્યાલનું મહત્ત્વ સમજાવો.
૪. આંતરિક અને બાહય ઉદારીકરણ એટલે શું ?
૫. આર્થિક વિકાસના નિર્દેશકો કયા છે ?
૬. આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસના ખ્યાલો સમજાવો.
૭. ઉદારીકરણ અને વૈશ્વિકરણનો અર્થ સમજાવો.
૮. માનવ સંસાધન વિકાસની વિભાવના સમજાવો.
૯. આર્થિક વિકાસના અવરોધક પરિબળો દર્શાવો.
૧૦. અધિશેષ મૂલ્ય એટલે શું ?
૧૧. આંતરિક અને બાહય ઉદારીકરણ એટલે શું ?
૧૨. વિશ્વ વેપાર સંગઠનના સિદ્ધાંતો જણાવો.
૧૩. ગરીબીનું વિષચક્ર એટલે શું ? ગરીબીના વિષચક્રની લાક્ષણિકતાઓ જણાવો.
૧૪. વિશ્વ વેપાર સંગઠનના હેતુઓ જણાવો.

**પ્રશ્ન : ૨** એડમ સ્મિથના આર્થિક વિચારોની વિસ્તૃત ચર્ચા કરો. **(૧૫)**

**અથવા**

કાર્લ માર્કસના ઔદ્યોગિક અનામત દળ, મૂડીસંચયની પ્રક્રિયા અંગેના વિચારોની સવિસ્તર ચર્ચા કરો.

**અથવા**

(અ) આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિ વચ્ચેનો તફાવત સમજાવો.
(બ) મહિલા સંબંધિત વિકાસ આંક અને મહિલા સશકિતકરણના માપ વિશે સમજૂતી આપો.

**અથવા**

(અ) મુકત અર્થતંત્રની તુલનામાં આયોજિત અર્થતંત્રમાં કાર્યરત ભાવ પદ્ધતિ કઇ રીતે શ્રેષ્ઠ છે ?
(બ) આર્થિક વિકાસની પ્રક્રિયામાં રાજયની ભૂમિકા વિશે સમજૂતી આપો.

**પ્રશ્ન : 3** (અ) કાર્લ માર્કસ દ્વારા રજૂ કરવામાં આવેલ અધિશેષ મૂલ્ય અને મૂડીસંચયની પ્રક્રિયાના ખ્યાલની સમજૂતી આપો. **(૧૫)**
(બ) વિશ્વ વેપાર સંગઠનના મૂળભૂત સિદ્ધાંતો કયા છે ?

**અથવા**

(અ) વિશ્વ વેપાર સંગઠનની રચનાને લીધે ભારતને થનાર લાભની ચર્ચા કરો.
(બ) ડેવિડ રીકાર્ડોનો આર્થિક વૃદ્ધિનો સિદ્ધાંત સમજાવો.

(પાનું ઉલટાવો)

**અથવા**

માનવ વિકાસનો ખ્યાલ સમજાવી ભારતમાં માનવ વિકાસના વલણો તપાસો.

**અથવા**

મુકત અર્થતંત્ર અને આયોજિત અર્થતંત્રમાં કાર્ય કરતી ભાવ પદ્ધતિનું તુલનાત્મક વિશ્લેષણ કરો.

**પ્રશ્ન : ૪ ટૂંકનોંધ લખો. (કોઈ પણ બે) (૧૫)**

૧. એડમ સ્મિથના આર્થિક વૃદ્ધિ અંગેના વિચારો

૨. આર્થિક વિકાસની પૂર્વશરતો

૩. ભાવપદ્ધતિ અને ઉત્પાદનના સાધનોની ફાળવણી

૪. વૈશ્વિકરણ અને ઉદારીકરણની અસરો

૫. ડેવિડ રિકાર્ડોનો આર્થિક વૃદ્ધિ અંગેનો સિધ્ધાંત

૬. આર્થિક વિકાસના બિન નાણાંકીય નિર્દેશકો

૭. અવિરત વિકાસનો ખ્યાલ

૮. મહિલા સંબંધિત વિકાસ આંક

૯. આર્થિક વિકાસ માટેની પૂર્વશરતો

જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત

આંતરિક કસોટી - ૨૦૧૭

એમ. કોમ. સેમેસ્ટર - I (ગુ.મા.)

સંચાલન : સિદ્ધાંત અને વ્યવહાર

**તારીખ : ૧૪/૦૯/૨૦૧૭** **બેઠક નંબર : ..........**

**સમય : ૦૮:૦૦ થી ૧૦:૦૦** **કુલ ગુણ : ૫૦**

**સૂચના : (૧) જમણી બાજુના અંક પ્રશ્નન ગુણ દર્શાવે છે. (૨) જવાબો સ્પષ્ટ અને મુદ્દાસર હોવા જરૂરી છે.**

**પ્રશ્ન : ૧** **ટૂંકમાં જવાબ આપો.** **(૧૦)**

૧. સંચાલન થીયરી એટલે શું ?

૨. વ્યવસ્થાતંત્રીય સંસ્કારિતાની વ્યાખ્યા આપો.

૩. જ્ઞાન સંચાલનનો અર્થ સ્પષ્ટ કરો.

૪. કારકિર્દી વિકાસ એટલે શું ?

૫. વ્યવસ્થાતંત્ર સંસ્કારિતાના લક્ષણોની યાદી આપો.

**પ્રશ્ન : ૨** માનવ સંબંધોની વિચારસરણી સમજાવો. **(૧૬)**

**અથવા**

શકિતની વ્યાખ્યા આપી શકિતના પ્રકારોની ચર્ચા કરો.

**પ્રશ્ન : ૩** જ્ઞાન સંચાલનની પ્રક્રિયા વણવો. **(૧૬)**

**અથવા**

કામગીરી મૂલ્યાંકનની યુગલ - તુલના અને વર્ણનાત્મક પધ્ધતિ સમજાવો.

**પ્રશ્ન : ૪** **કેસ સ્ટડી**

જયરાજ કલોથ કંપની ભારતમાં રાષ્ટ્રીયસ્તરે ઉત્પાદન-વેચાણ કરનારી ખાનગી કંપની છે. સ્થાપનાનાં સમયગાળા દરમિયાન તેણે ખૂબ જ સારો નફો પ્રાપ્ત કરેલ છે. પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી તેમનાં વેચાણમાં ક્રમશઃ ઘટાડો થતો જોવા મળે છે. આથી કંપનીના સંશોધન અધિકારી શ્રી પટેલને અભ્યાસ કરતાં જણાયુ કે કંપની આર્થિક, સામાજિક અને ટેકનોલોજીકલ પર્યાવરણમાં થતાં ફેરફાર સાથે કદમ મિલાવવામાં પાછળ પડી ગઈ છે. ગુણવત્તામાં સુધારણા, પડતરમાં ઘટાડો, બજારનાં પ્રવાહોને લગતી માહિતી કે વિશ્લેષણમાં જરાપણ ધ્યાન કેન્દ્રીત કર્યું નથી. જેને લીધે પરિવર્તનશીલ પર્યાવરણમાં આવેલ સૂવર્ણ તકોનો લાભ લેવાને બદલે ઘાતક ધમકીઓનો સામનો કરવો પડે એવી પરિસ્થિતિ ઉભી થઈ છે. **(૦૮)**

તેમને લાગ્યુ કે હવે કાર્યક્ષમતામાં સુધારો કરીને સમગ્ર સંચાલન વિચારધારા હેઠળ વધુ અસરકારક અભિગમ અપનાવવો જોઈએ.

તો આવા પરિવર્તનશીલ પર્યાવરણમાં સંચાલનની કઈ વિચારસરણી ધ્યેય સિદ્ધિમાં કામિયાબ નિવડી શકે ? કઈ રીતે ?

BDP

❀ ❀ ❀

જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત
આંતરિક કસોટી - ૨૦૧૭
એમ. કોમ. સેમેસ્ટર - I (ગુ.મા.)
વિજ્ઞાપન અને વેચાણકળા

**તારખ : ૧૫/૦૯/૨૦૧૭** **બેઠક નંબર : .........**
**સમય : ૦૮:૦૦ થી ૧૦:૦૦** **કુલ ગુણ : ૫૦**

**પ્રશ્ન : ૧ ટૂંકમાં જવાબ આપો.** **(૧૦)**

૧. જાહેરાતની લાક્ષણિકતાઓ જણાવો.
૨. ખરીદી કેન્દ્રો પરના માધ્યમો જણાવો.
૩. વિજ્ઞાપન અને ગ્રાહક વર્તન વચ્ચેના પ્રતિસાદલક્ષી ચલો જણાવો.
૪. વેચાણ સંચાલન એટલે શું ?
૫. વેચાણ આયોજનના પ્રકારો જણાવો.

**પ્રશ્ન : ૨ (અ)** "જાહેરાત સામાજીક કલ્યાણમાં વૃદ્ધિ કરે છે." સમજાવો. **(૦૬)**
**(બ)** વિજ્ઞાપનના અસરકારક અને વ્યવહારુ હેતુઓ સમજાવો. **(૦૭)**

**અથવા**

વિજ્ઞાપન ખર્ચનો અંદાજ નકકી કરવાની પધ્ધતિઓ જણાવી ગમે તે ત્રણ સમજાવો. **(૧૩)**

**પ્રશ્ન : ૩ (અ)** વ્યકિતગત વેચાણની લાક્ષણિકતાઓ સમજાવો. **(૦૬)**
**(બ)** વેચાણ આયોજનની પ્રક્રિયા વર્ણવો. **(૦૭)**

**અથવા**

**પ્રશ્ન : ૩ (અ)** વેચાણકળાનું મહત્ત્વ સમજાવો. **(૦૬)**
**(બ)** વેચાણદળનું કદ નકકી કરવાનો સેલ્સમેન કાર્યબોજ અભિગમ સમજાવો. **(૦૭)**

**પ્રશ્ન : ૪ (અ) કોઈપણ એકનો જવાબ લખો.** **(૦૬)**

(૧) બજાર કસોટી પધ્ધતિ
(૨) નિષ્ણાંતોના અંદાજની પધ્ધતિ
(૩) આધુનિક ધંધામાં વિજ્ઞાપનની ભૂમિકા

**(બ) કેસ સ્ટડી** **(૦૮)**

શિવ મેડિકલ ઈકવીપમેન્ટ કંપન લિ. હોસ્પિટલ્સ તેમજ ડોકટર્સને ઉપયોગી એવા થર્મોમીટર, સ્ટેથોસ્કોપ, સુગર લેવલ માપવાનું મશીન, બ્લડ પ્રેશર માપવાનું સાધન, ઈ.સી.જી. મશીન વગેરે સાધનોનાં કવોલિટી પોડકટનું ઉત્પાદન કરવા માંગે છે. તેની જાહેરાત માટે ન્યુઝ પેપર, રેડિયો, ટી.વી. પોસ્ટર્સ, મેગેઝિન, મેડિકલ જર્નલ્સ વગેરે પૈકી કોઈ એક માધ્યમની પસંદગી કરવાની છે. તમારે તમારી પસંદગી - નાપસંદગીના કારણો આપવાના છે.

NST

જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત

આંતરિક કસોટી - ૨૦૧૭

એમ. કોમ. સેમેસ્ટર - I (ગુ.મા.)

નાણાકીય અને સંચાલકીય હિસાબી પધ્ધતિ : II

**તારીખ : ૧૮/૯/૨૦૧૭** **બેઠક નંબર : .........**

**સમય : ૦૮:૦૦ થી ૧૦:૦૦** **કુલ ગુણ : ૫૦**

**સૂચના : (૧) પ્રશ્ન નં ૧ ફરજિયાત છે. (૨) જમણી બાજુ આપેલ અંક પ્રશ્નન ગુણ દર્શાવે છે.**
**(૩) જવાબના ભાગરૂપે તમામ જરૂરી ગણતરી દર્શાવો.**

**પ્રશ્ન:૧ (અ)** ગુજરાત લિ. ના ચોપડે તા. ૩૧-૩-૨૦૧૭ ના રોજ સ્ટોકની કિંમત રૂા. ૧,૫૯,૨૦૦ દર્શાવેલ છે. સ્ટોકની કિંમત આંકતી વખતે ઉપરોક્ત માલમાં કેટલોક માલ જેની મૂળ કિંમત ૧૩,૮૦૦ છે તેનું બરાબર વેચાણ થતું ન હોવાથી રૂા. ૪,૬૦૦ લખી વાળવામાં આવ્યા હતા. માલનો થોડો ભાગ જેની મૂળ કિંમત રૂા. ૬૯૦૦ હતી તેને ચાલુ વર્ષે રૂા. ૫૦૦ ના નુકસાને વેચવામાં આવ્યો. ચાલુ વર્ષની ચોખ્ખી ખરીદી અને ચોખ્ખું વેચાણ અનુક્રમે રૂા. ૩,૨૪,૦૦૦ અને રૂા. ૪,૬૫,૦૦૦ હતું. કાચા નફાનો દર વેચાણ પર ૨૦% છે. આગથી બચાવી લીધેલ માલની કિંમત રૂા. ૪,૮૮૭ હતી. દાવાની રકમ શોધો. **(૦૫)**

**(બ)** નીચેની માહિતી પરથી 'એબી' લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટરને ચૂકવવાનાં મહેનતાણાંની રકમ શોધો. **(૦૫)**

(૧) કમિશન ચૂકવ્યા પહેલાંનો ચોખ્ખો નફો રૂા. ૩૫,૦૦,૦૦૦

(૨) ઉપરોક્ત ચોખ્ખા નફામાંથી નીચેની વિગતો માંડી વાળવામાં આવી હતી :

| | |
|---|---|
| સ્થિર મિલકતો પર ઘસારો | રૂા. ૧૪,૫૦,૦૦૦ |
| ઘાલખાધ અનામતની જોગવાઈ | રૂા. ૧૬,૦૦૦ |

(૩) વધારાની માહિતી :

૧. ચાલુ વર્ષની ઘાલખાધ રૂા. ૫૭,૦૦૦

૨. મેનેજરનું મહેનતાણું ગણવા માટે ઘસારો રૂા. ૧૭,૮૦,૦૦૦

**પ્રશ્ન - ૨** શ્રી મોહનદાસના કારખાનામાં ૧લી એપ્રિલ, ૨૦૧૬ ના રોજ આગ લાગી. મોટા ભાગનો સ્ટોક નાશ પામ્યો હતો. બચાવી લીધેલ સ્ટોક રૂા. ૫૬,૦૦૦ હતો. મોહાનદાસે સ્ટોક અંગે રૂા. ૩,૪૨,૦૦૦ ની વીમા પોલિસી લીધી હતી. **(૧૪)**

તમારે માલના સ્ટોકના દાવાની રકમ નકકી કરવાની છે. નીચેની માહિતી પ્રાપ્ત થઈ છે.

| | |
|---|---|
| ૧. ૨૦૧૫ ના વર્ષની ખરીદી | ૧૮,૭૬,૦૦૦ |
| ૨. ૨૦૧૫ ના વર્ષનું વેચાણ | ૨૩,૨૦,૦૦૦ |
| ૩. ૧ જાન્યુઆરી ૨૦૧૬ થી ૧ એપ્રિલ ૨૦૧૬ સુધીની ખરીદી | ૩,૬૮,૦૦૦ |
| ૪. ૧ જાન્યુઆરી ૨૦૧૬ થી ૧ એપ્રિલ ૨૦૧૬ સુધીનું વેચાણ | ૪,૮૦,૦૦૦ |
| ૫. ૧ જાન્યુઆરી ૨૦૧૫ ના રોજનો સ્ટોક | ૨,૮૮,૦૦૦ |
| ૬. ૩૧ ડિસેમ્બર ૨૦૧૫ ના રોજનો સ્ટોક | ૪,૮૪,૦૦૦ |
| ૭. ૨૦૧૫ ના વર્ષ દરમિયાન ચૂકવેલ મજૂરી | ૨,૦૦,૦૦૦ |
| ૮. ૧ લી જાન્યુઆરી ૨૦૧૬ થી ૧ એપ્રિલ ૨૦૧૬ સુધી ચુકવેલ મજૂરી | ૩૬,૦૦૦ |

૯. જૂન ૨૦૧૫ માં રૂા. ૧,૦૦,૦૦૦ ની કિંમતનો માલ આડતથી વેચવા મોકલેલ હતો, જે



(પાનું ઊલટાવો)

રસ્તામાં અકસ્માતને કારણે નાશ પામ્યો, જેનો કોઈ વીમો લેવામાં આવ્યો ન હતો.

૧૦. આગ લાગવાના થોડા સમય પહેલાં રૂા. ૯૯,૦૦૦ ની કિંમતનો સ્ટોક જાંગડથી વેચવા મોકલ્યો હતો.

૧૧. એવું શોધી કાઢવામાં આવ્યું કે રૂા. ૪,૦૦૦ ની કિંમતની ૨૦૧૬ ની માલની ખરીદીમાં નોંધાઈ ગઈ હતી.

૧૨. સ્ટોકનું મૂલ્યાંકન ૨૦૧૪ ના કેલેન્ડર વર્ષના અંત સુધી પડતરથી ૧૦% ઓછી કિંમતે કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૫ થી આખરના સ્ટોકનું મૂલ્યાંકન પડતર પર ૧૦% નફો ચડાવી કરવામાં આવ્યું હતું.

**અથવા**

**પ્રશ્ન - ૨** અતુલ લિ. એ પોતાના મકાનના માલના નુકસાનનો અને નફાનુકસાનનો તેમજ સ્થિર ખર્ચાનો આગમાં વીમો નીચે મુજબ લીધો હતો. **(૧૪)**

| | |
|---|---|
| સ્ટોક | રૂા. ૫,૦૦,૦૦૦ |
| મકાન | રૂા. ૨,૫૦,૦૦૦ |
| નફા નુકસાન અને સ્થિર ખર્ચા | રૂા. ૨,૫૦,૦૦૦ |

તા. ૩૧ મી જાન્યુઆરીના રોજ આગ લાગવાથી સ્ટોક નાશ પામ્યો મકાનને નુકસાન થયું અને ધંધો ૩ માસ માટે ખોરવાઈ ગયો.

નીચેની માહિતી ઉપરથી ત્રણે મથાળા હેઠળ વીમાના દાવાની ગણતરી કરો.

પાછલા વર્ષના ૩૧ ડિસેમ્બરના રોજ પૂરા થતા વર્ષના વ્યવહારો નીચે મુજબ હતા :

| | |
|---|---|
| શરૂઆતનો સ્ટોક | રૂા. ૨,૮૭,૫૦૦ |
| ખરીદી | રૂા. ૧૦,૫૦,૦૦૦ |
| વેચાણ | રૂા. ૧૨,૦૦,૦૦૦ |
| છેવટનો સ્ટોક | રૂા. ૩,૭૭,૫૦૦ |
| સ્થિર ખર્ચા | રૂા. ૧,૮૦,૦૦૦ |
| અન્ય ખર્ચા | રૂા. ૫૦,૦૦૦ |
| મળેલું ડિવિડન્ડ | રૂા. ૧૦,૦૦૦ |
| ચોખ્ખો નફો | રૂા. ૭૦,૦૦૦ |

ચાલુ વર્ષના જાન્યુઆરી માસની રોકડ ખરીદી રૂા. ૯૪,૫૦૦ ની અને શાખ પર ખરીદી રૂા. ૧૫,૫૦૦ હતી.

| | |
|---|---|
| બચાવી લીધેલા માલનું મૂલ્ય | રૂા. ૬૧,૮૨૨ |
| મકાનની કિંમત | રૂા. ૫,૦૦,૦૦૦ |
| મકાનનું નુકસાન | રૂા. ૩,૦૦,૦૦૦ |
| ધંધો ખોરવાઈ જવાને કારણે વેચાણમાં ઘટાડો | રૂા. ૧,૦૦,૦૦૦ |
| ચાલુ વર્ષના જાન્યુઆરી માસનું વેચાણ | રૂા. ૧,૦૦,૦૦૦ |
| આગ બુઝાવવાનો ખર્ચ | રૂા. ૩,૭૪૫ |

**પ્રશ્ન - ૩** નીલ એન્જીનીયરીંગ લી. ની સત્તાવાર મૂડી રૂા. ૫૦ લાખની ૫,૦૦,૦૦૦ ઈક્વિટી શેર રૂા. ૧૦ નો **(૧૪)**
એવા છે. તેમના ચોપડાઓ નીચે મુજબની માહિતી આપે છે. તા. ૩૧-૩-૨૦૧૬

| વિગત | રૂા. | વિગત | રૂા. |
|---|---|---|---|
| સ્ટોક તા. ૧-૪-૨૦૧૫ | ૬,૬૫,૦૦૦ | બેંક ચાલુ ખાતુ | ૨૦,૦૦૦ |
| આપેલ વટાવ | ૩૦,૦૦૦ | હાથ પર રોકડ | ૮,૦૦૦ |
| આવકમાલ ગાડાભાડુ | ૫૭,૫૦૦ | ડિબેંચર વ્યાજ (૬માસ ૩૦-૬-૧૫) | ૧૦,૦૦૦ |
| પેટન્ટસ | ૩,૭૫,૦૦૦ | બેંક વ્યાજ | ૯૧,૦૦૦ |
| ટેક્ષ અને ઈન્સ્યુરન્સ | ૫૫,૦૦૦ | પ્રા. ખર્ચા | ૧૦,૦૦૦ |
| ફર્નિચર અને ફિટીંગ્સ | ૧,૫૦,૦૦૦ | બાકી હપ્તા | ૧૦,૦૦૦ |
| ખરીદી | ૧૨,૩૨,૫૦૦ | ઈ.શેર મૂડી (૨,૦૦,૦૦૦ ઈ.શેર) | ૨૦,૦૦,૦૦૦ |
| મજુરી | ૧૩,૦૫,૦૦૦ | ૪% ડિબેંચર્સ (૧૦ વર્ષે પરત) | ૫,૦૦,૦૦૦ |
| કોલસો અને ખનીજ | ૬૩,૦૦૦ | બેંક લોન | ૭,૫૭,૦૦૦ |
| ફ્રિહોલ્ડ મિલકત | ૧૨,૫૦,૦૦૦ | લેણદારો | ૨,૪૦,૫૦૦ |
| પ્લાન્ટ મશીનરી | ૭,૫૦,૦૦૦ | વેચાણ | ૩૬,૧૭,૦૦૦ |
| સાધનો | ૧,૫૦,૦૦૦ | ભાડુ (જમા) | ૩૦,૦૦૦ |
| પાઘડી | ૩,૭૫,૦૦૦ | શેર ટ્રાન્સફર ફી | ૬,૫૦૦ |
| દેવાદારો | ૨,૬૬,૦૦૦ | નફા-નુકસાન ખાતુ (જમા) | ૬૭,૦૦૦ |
| લેણીહૂંડીઓ | ૧,૩૪,૫૦૦ | જાહેરાત ખર્ચ | ૧૫,૦૦૦ |
| કમીશન અને દલાલી | ૬૭,૫૦૦ | ધંધાકીય ખર્ચા | ૫૬,૦૦૦ |
| રીપેર્સ | ૪૬,૫૦૦ | ઘાલખાધ | ૨૫૫૦૦ |

વધારાની માહિતી :

૧. સ્ટોકની કિંમત (પડતર કિંમત અથવા બજારકિંમત બેમાંથી જે ઓછી હોય તે) રીતે ગણવો. ૩૧-૩-૨૦૧૬ ને દિવસે રૂા. ૭,૦૮,૦૦૦

૨. ચૂકવવાની બાકી મજૂરી રૂા. ૨૫,૦૦૦ તથા ધંધાકીય ખર્ચા રૂા. ૨૫,૦૦૦ તા. ૩૧-૩-૨૦૧૬.

૩. ભરપાઈ મૂડી પર ૧૦% લેખે ડિવિડન્ડ ડિરેકટર્સ જાહેર કર્યું.

૪. ઘસારની જોગવાઈ : પ્લાન્ટ મશીનરી ૫% , સાધનો ૨૦%, પેટન્ટસ ૧૦% અને ફર્નિચર પર ૧૦% લેખે કરો.

૫. ઘાલખાધ અનામતની જોગવાઈ ૨% લેખે કરો. ઘાલખાધની રકમ ૨૧,૫૦૦ માંડી વાળ્યા પછીની રકમ પર.

૬. પ્રા. ખર્ચ રૂા. ૫,૦૦૦ માંડી વાળો.

૭. ડિબેંચર પરતનીધિ ખાતે રૂા. ૫૦,૦૦૦ લઈ જાઓ.

૮. આવકવેરાની જોગવાઈ રૂા. ૨,૪૦,૦૦૦ કરો.

તા. ૩૧-૩-૨૦૧૬ ના રોજના વાર્ષિક હિસાબો ઉભુ નફા નુકસાન ખાતુ તથા ઉભા પાકા સરવૈયાની રીતે તૈયાર કરો.

**પ્રશ્ન - ૪ (અ)** માનવસંપત્તિના મૂલ્યાંકન માટે પુનઃ સ્થાપના પડતર પદ્ધતિ અને લીવ અને સ્વાર્ટ્ઝ મોડેલ સમજાવો. **(૦૬)**

**(બ)** પર્યાવરણલક્ષી હિસાબી પદ્ધતિના વિવિધ દેશોમાં થયેલા વિકાસની ચર્ચા કરો. **(૦૬)**

**અથવા**

**પ્રશ્ન - ૪ (અ)** માનવસંપત્તિના હિસાબોની ઉપયોગિતા સમજાવો. **(૦૬)**

**(બ)** પર્યાવરણલક્ષી હિસાબી પદ્ધતિના કાર્યક્ષેત્રની ચર્ચા કરો. **(૦૬)**

જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત

આંતરિક કસોટી - ૨૦૧૭

એમ. કોમ. સેમેસ્ટર - I (ગુ.મા.)

નાણાકીય અને સંચાલકીય હિસાબી પધ્ધતિ : III

**તારીખ : ૧૯/૯/૨૦૧૭** **બેઠક નંબર : .........**

**સમય : ૦૮:૦૦ થી ૧૦:૦૦** **કુલ ગુણ : ૫૦**

**સૂચના : (૧) જરૂરી ગણતરીઓ તમારા જવાબના ભાગરૂપે દર્શાવવી.**

**પ્રશ્નઃ૧ (અ)** પ્લાન્ટ - યંત્રોની તા. ૦૧-૦૪-૨૦૧૬ના રોજની ચોપડે કિંમત રૂા. ૩, ૨૦,૦૦૦ હતી. આ ઉપરાંત તા. ૦૧-૦૯-૨૦૧૬ ના રોજ રૂા. ૮૦,૦૦૦ ના તથા તા. ૧-૧-૨૦૧૭ ના રોજ રૂા. ૧,૬૦,૦૦૦ યંત્રો ખરીદ્યાં હતાં. એક યંત્ર તા. ૦૧-૦૭-૨૦૧૬ ના રોજ રૂા. ૧,૦૦,૦૦૦ માં વેચી દીધું હતું. જેની મૂળ કિંમત રૂા. ૯૦,૦૦૦ હતી અને વેચાણ ખર્ચ રૂા. ૮,૦૦૦ થયો. **(03)**

ઘસારાનો દર ૧૫% છે. આ. વર્ષ ૨૦૧૭'-૧૮ માટે પ્લાન્ટ-યંત્રો પર મળવાપાત્ર ઘસારો ગણો.

**(બ)** નીચે જણાવેલ વિગત પરથી કલમ-૫૪ એફ મુજબ આ. વર્ષ ૨૦૧૭'-૧૮ માટે કરમુકત મૂડી નફો શોધો : **(03)**

તા. ૩૧-૦૭-૨૦૧૬ ના રોજ ભારત સરકારના બોન્ડની ચોખ્ખી ઉપજ રૂા. ૪૨,૫૦,૦૦૦ અને તેની સુધારેલી પડતર રૂા. ૩૭,૬૫,૦૦૦ હતી. તા. ૦૧-૦૮-૨૦૧૬ ના રોજ રૂા. ૨૫,૦૦,૦૦૦ નું રહેઠાણનું મકાન ખરીદવાનો કરાર કરી તે પેટે ફકત રૂા. ૧૭,૦૦,૦૦૦ ચૂકવ્યાં.

**(ક)** જનકે વર્ષ ૧૯૮૧-૮૨ દરમ્યાન રૂા. ૬,૦૦,૦૦૦ નું રહેઠાણનું મકાન ખરીદ્યું. તા. ૦૧-૦૧-૨૦૧૭ ના રોજ તે રૂા. ૧,૦૦,૦૦,૦૦૦ માં વેચી રૂા. ૩૦,૦૦૦ દલાલી ચૂકવી. તા. ૦૧-૦૨-૨૦૧૭ ના રોજ રૂા. ૫૦,૦૦,૦૦૦ નું નવું રહેઠાણનું મકાન ખરીદવાનો કરાર કરી ફકત રૂા. ૨૪,૦૦,૦૦૦ ચૂકવ્યાં. **(03)**

સૂચંક આંક : ૧૯૮૧-૮૨ = ૧૦૦, ૨૦૧૬-૧૭ = ૧૧૨૫.

કલમ -૫૪ મુજબ આ. વર્ષ ૨૦૧૭-૧૮ માટે કરપાત્ર મૂડી નફો શોધો.

**(ડ)** હરિ એ તા. ૦૫-૦૫-૨૦૧૬ ના રોજ નવા યંત્રની રૂા. ૨,૫૦,૦૦૦ માં ખરીદી કરી હતી. કારખાનામાં લાવવા માટે તેણે કલીયરીંગ, રેલ્વેનૂર અને લોડીંગનો ખર્ચ અનુક્રમે રૂા. ૧૦,૦૦૦, રૂા. ૪,૦૦૦ અને રૂા. ૧,૫૦૦ ચૂકવેલ છે. યંત્રને ગોઠવવાનો વધારાનો ખર્ચ રૂા. ૩૦,૦૦૦ ચૂકવ્યો. **(03)**

ત્યારબાદ જાણવા મળ્યું કે એક ભાગ તૂટી ગયેલ છે અને તે ભાગના મરામત માટેનો વધારાનો ખર્ચ રૂા. ૨૪,૫૦૦ નો કર્યો જે જરૂરી હતો. આખરે તા.૦૨-૦૨-૨૦૧૬ ના રોજ યંત્ર ઉપયોગ માટે તૈયાર થયું અને તે જ દિવસે ખરેખર ઉપયોગ શરૂ કર્યો. ઘસારાનો દર ૧૫% છે. તા. ૩૧-૦૩-૨૦૧૬ ના રોજ આ યંત્ર સમૂહનાં યંત્રની ઘસારાબાદ કિંમત રૂા. ૨,૪૦,૦૦૦ હતી. આ. વર્ષ ૨૦૧૭-૧૮ માટે મજરે મળવાપાત્ર ઘસારો શોધો.

**પ્રશ્ન - ૨ (અ)** શ્રી શિરીષભાઈ ભારતીય નાગરિક છે, જેણે આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ ની તેની આવકોની માહિતી નીચે મુજબ આપી છે : **(૧૦)**

| | રૂા. |
|---|---|
| ૧. ભાડે આપેલ મકાનની આવક (ગણેલ) | ૧,૯૦,૦૦૦ |
| ૨. ટી.વી. ધંધામાંથી નફો (ઘસારા પહેલાંનો) | ૩,૯૨,૦૦૦ |
| ૩. પેઢીમાં હિત | ૩૬,૦૦૦ |
| ૪. સટ્ટાકીય આવક | ૩૮,૦૦૦ |
| ૫. ટૂંકાગાળાનો મૂડી નફો | ૬૪,૦૦૦ |
| ૬. શેર વેચાણનો લાંબાગાળાનો મૂડી નફો | ૨૮,૦૦૦ |

**(પાનું ઊલટાવો)**

પાછલા આકારણી વર્ષ ૨૦૧૬-૧૭ થી આગળ ખેંચેલ વિગતો :

| | | |
|---|---|---|
| ૧. | મોટર સાયકલના ધંધાની ખોટ | ૭૮,૦૦૦ |
| ૨. | ટી.વી. ના ધંધાની ખોટ | ૯૨,૦૦૦ |
| ૩. | નહિ સમાયેલ ઘસારો | ૨૦,૦૦૦ |
| ૪. | સટ્ટાકીય ખોટ | ૬૪,૦૦૦ |
| ૫. | ૨૦૧૦-૧૧ ના વર્ષના ટૂંકાગાળાની મૂડી ખોટ | ૮૨,૦૦૦ |
| ૬. | ૨૦૧૧-૧૨ ની લાંબાગાળાની ખોટ | ૭૯,૦૦૦ |
| ૭. | મળવાનું બાકી ભાડું | ૬૦,૦૦૦ |

ચાલુ વર્ષનો ઘસારો રૂા. ૫,૦૦૦ છે.

તમારે આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ માટે કુલ ગ્રોસ આવકની ગણતરી કરવાની છે. અને હવે પછીના વર્ષોમાં આગળ લઈ જવાની ખોટની રકમ જણાવવાની છે.

**(બ)** નુકસાન માંડી વાળવું અને આગળ ખેંચી જવા અંગેની જોગવાઈઓ જણાવો. **(૦૪)**

**અથવા**

**પ્રશ્ન - ૨ (અ)** શ્રી અજીતની નીચેની વિગત પરથી આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ માટે કુલ કરપાત્ર આવક નક્કી કરો અને જણાવો કે કેટલું નુકસાન આગળ લઈ જવાશે : **(૦૭)**

| | | |
|---|---|---|
| ૧. | ઈલેકટ્રોનીકસનાં ધંધાની ખોટ | રૂા. ૪૮,૦૦૦ |
| ૨. | સટ્ટાકીય ધંધાનો નફો | રૂા. ૨,૪૦,૦૦૦ |
| ૩. | લાંબાગાળાનો મૂડી નફો | રૂા. ૮૮,૦૦૦ |
| ૪. | મકાન - મિલકતની કરપાત્ર આવક | રૂા. ૧,૬૦,૦૦૦ |
| ૫. | ઝવેરાત વેચાણની ટૂંકાગાળાની ખોટ | રૂા. ૪૦,૦૦૦ |

પાછલા વર્ષોની આગળ ખેંચેલ નુકસાની :

| | | |
|---|---|---|
| ૧. | ૨૦૧૪-૧૫ ના વર્ષનું સટ્ટાના ધંધાનું નુકસાન | રૂા. ૧,૬૦,૦૦૦ |
| ૨. | ૨૦૧૪-૧૫ ના વર્ષની ઈલેકટ્રોનીકસના ધંધાની ખોટ | રૂા. ૪૦,૦૦૦ |
| ૩. | ૨૦૧૪-૧૫ ના વર્ષની લાંબાગાળાની મૂડી ખોટ | રૂા. ૩૨,૦૦૦ |

**(બ)** વિજય કુમારની પાછલું વર્ષ ૨૦૧૬-૧૭ ની નીચે આપેલી વિગતો પરથી કુલ ગ્રોસ આવક નક્કી કરો અને આગળ ખેંચી જવાના નુકસાનની વિગતો દર્શાવો. **(૦૭)**

| | | |
|---|---|---|
| ૧. | મોટરકાર નિર્માણ ધંધાનો કરપાત્ર નફો | રૂા. ૪૧,૬૩,૬૦૦ |
| ૨. | સટ્ટાંના ધંધાની આવક | રૂા. ૮,૦૦,૦૦૦ |
| ૩. | ટૂંકાગાળાનો મૂડી નફો | રૂા. ૧,૯૦,૦૦૦ |
| ૪. | લાંબાગાળાનો મૂડી નફો | રૂા. ૪૬,૪૦૦ |
| ૫. | પાછલું વર્ષ ૨૦૧૫-૧૬ ના કાપડના ધંધાની ખોટ | રૂા. ૧૩,૬૦૦ |
| ૬. | પાછલું વર્ષ ૨૦૧૫-૧૬ ના મોટરકાર નિમાર્ણના ધંધાની ખોટ | રૂા. ૧,૪૪,૦૦૦ |
| ૭. | પાછલું વર્ષ૨૦૧૫-૧૬ ના સટ્ટાનાં ધંધાની ખોટ | રૂા. ૧૩,૨૦,૦૦૦ |
| ૮. | પાછલું વર્ષ ૨૦૧૫-૧૬ની લાબાંગાળાની મૂડી ખોટ | રૂા. ૨૮,૦૦૦ |

**પ્રશ્ન - 3 (અ)** ૨૦૧૬-૧૭ ના પાછલા વર્ષ દરમ્યાન શ્રી પંકજભાઈએ નીચેની મિલકતોની વેચાણ કર્યું : **(૦૮)**

| મિલકતો | વેચાણ તારીખ | વેચાણ કિંમત (રૂા.) | ખરીધ્યા તારીખ | ખરીદ કિંમત (રૂા.) |
|---|---|---|---|---|
| ભારતમાં ગ્રામ્ય ખેતીની જમીન | ૧૫-૦૬-૨૦૧૬ | ૩૪,૦૦,૦૦૦ | ૦૧-૦૩-૧૯૮૨ | ૨,૦૦,૦૦૦ |
| ભારતમાં શહેરી ખેતીની જમીન | ૦૧-૧૧-૨૦૧૬ | ૧૭,૦૦,૦૦૦ | ૧૦-૦૫-૧૯૮૩ | ૨૩,૨૦૦ |
| નહીં નોંધાયેલા શેર્સ | ૧૫-૦૧-૨૦૧૭ | ૧,૬૨,૦૦૦ | ૧૦-૦૧-૨૦૧૩ | ૬૩,૯૦૦ |
| બોમ્બે સ્ટોક એક્ષ્ચેંજમાં નોંધાયેલા ડિબેંચર્સ | ૧૨-૦૧-૨૦૧૭ | ૬૭,૦૦૦ | ૧૦-૦૧-૨૦૧૪ | ૫૪,૦૦૦ |

શ્રી પંકજભાઈએ નીચેની મિલકતોની ખરીદી કરી હતી :

| ખરીદ્યા તારીખ | મિલકતો | રહેઠાણની રકમ (રૂા.) |
|---|---|---|
| ૧૦-૦૭-૨૦૧૬ | ખેતીની જમીન | ૫,૦૦,૦૦૦ |
| ૦૧-૦૮-૨૦૧૬ | રૂરલ ઈલેક્ટ્રી ફિકેશન કોર્પોરેશન ના બોન્ડ્સ | ૩,૦૦,૦૦૦ |
| ૧૦-૧૧-૨૦૧૬ | ખેતીની જમીન | ૬,૦૦,૦૦૦ |
| ૧૫-૧૧-૨૦૧૬ | રહેઠાણનું મકાન | ૭૭,૦૦,૦૦૦ |
| ૧૪-૦૩-૨૦૧૭ | નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયાના બોન્ડ્સ | ૪૨,૦૦૦ |

આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ માટે કરપાત્ર મૂડી નફો નકકી કરો :

સૂચકઆંક : ૧૯૮૧-૮૨ = ૧૦૦, ૧૯૮૩-૮૪ = ૧૧૬, ૨૦૧૨-૧૩ = ૮૫૨
૨૦૧૩-૧૪ = ૯૩૯, ૨૦૧૫-૧૬ = ૧૦૮૧, ૨૦૧૬-૧૭ = ૧૧૨૫

**(બ)** GST નો ખ્યાલ સમજાવો. **(૦૬)**

**અથવા**

**પ્રશ્ન -3** શ્રી વ્યાસનું તા. ૩૧-૩-૨૦૧૭ ના રોજ પૂરા થતા વર્ષનું નફા-નુકસાન ખાતું નીચે મુજબ છે. **(૧૪)**

નફા - નુકસાન ખાતું

ઉધાર — જમા

| વિગત | રૂપિયા | વિગત | રૂપિયા |
|---|---|---|---|
| શરૂનો સ્ટોક | ૨,૪૨,૦૦૦ | છેવટનો સ્ટોક | ૩,૧૫,૦૦૦ |
| ખરીદી | ૧૦,૦૦,૦૦૦ | મકાન ભાડું | ૧૪,૦૦૦ |
| પગાર | ૧,૯૮,૦૦૦ | વેચાણ | ૧૭,૦૨,૫૫૫ |
| યંત્રોનો ઘસારો | ૨૫,૦૦૦ | ઘાલખાધ પરત | ૨૦,૦૦૦ |
| મૂડીનું વ્યાજ | ૨૦,૦૦૦ | | |
| ઘાલખાધ અનામત | ૧૯,૦૦૦ | | |
| આવક વેરો | ૧૮,૦૦૦ | | |
| જાહેરાત ખર્ચ | ૨૬,૦૦૦ | | |
| દાન | ૧૬,૦૦૦ | | |
| ચોખ્ખો નફો | ૪,૮૭,૫૫૫ | | |
| | ૨૦,૫૧,૫૫૫ | | ૨૦,૫૧,૫૫૫ |

વધારાની માહિતી :

૧. શરૂનો સ્ટોક તેની પડતર કિંમત કરતાં ૧૦%વધુ કિંમતે અને છેવટનો સ્ટોક તેની પડતર કરતાં ૫% વધુ કિંમતે દર્શાવેલ છે.
૨. યંત્રનો માન્ય ઘસારો રૂા. ૪,૦૦૦ છે.
3. રાજકીય પક્ષની માલિકીનાં વર્તમાન પત્રમાં ધંધાની આવેલી જાહેરાત રૂા. ૧૭,૦૦૦ નો સમાવેશ ઉપર જણાવેલ જાહેરાત ખર્ચમાં થયેલ છે.
૪. મોટરકારની શરૂની બાકી તા. ૧-૪-૨૦૧૬ ના રોજ રૂા. ૯૦,૦૦૦ હતી. ૨૦% ઘસારો મજરે મળે છે. ધંધા માટે મોટરકારનો વપરાશ ૨/૩ ગણવો.
૫. રૂા. ૧૯,૦૦૦ ની બજાર કિંમતનો માલ રૂા. ૧૪,૦૦૦ માં ખરીદેલ તે ઘર-વપરાશ માટે લઈ ગયેલા તેનો સમાવેશ વેચાણમાં રૂા. ૨૫,૦૦૦ તરીકે કરેલ છે.
૬. પુસ્તકના લેખક તરીકે શ્રી વ્યાસને મળેલ રોયલ્ટી રૂા. ૧૦,૦૦૦ નફા-નુકસાન ખાતામાં દર્શાવેલ નથી.
૭. યુનિવર્સિટીને આપેલ રોકડ દાન રૂા. ૧૧,૦૦૦ નો સમાવેશ ઉપર જણાવેલ દાનની રકમમાં કરેલ નથી.

૮. ઉપર જણાવેલ ઘાલખાધ પરત પૈકી રૂા. ૧૩,૦૦૦ ભૂતકાળમાં નામંજૂર થયેલ છે.

ઉપરોક્ત વિગત પરથી આકારણી વર્ષ ૨૦૧૭-૧૮ માટે ધંધા-વ્યવસાયની કરપાત્ર આવક શોધો.

**પ્રશ્ન - ૪ ટૂંકનોંધ લખો. (કોઈ પણ બે) (૧૦)**

૧. હિસાબી નીતિઓનું પ્રગટીકરણ (હિસાબી ધોરણ : ૧)
૨. ઈન્વેન્ટરીનું મૂલ્યાંકન (હિસાબી ધોરણ : ૨)
૩. નુકસાન માંડી વાળવું અને આગળ ખેંચી જવા અંગેની જોગવાઈઓ
૪. મૂડી મિલકતની પડતર કિંમત
૫. માન્ય, અમાન્ય અને નહિ સમાયેલ ઘસારો

m HT/m RG

# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત
## આંતરિક કસોટી - ૨૦૧૯
## એમ. કોમ. સેમેસ્ટર - ૧ (ગુ.મા.)
## નાણાકીય અને સંચાલકીય હિસાબી પદ્ધતિ : I

**તારીખ : ૧૬/૦૯/૨૦૧૯** **બેઠક નંબર : ..........**

**સમય : ૦૮:૦૦ થી ૧૦:૦૮** **કુલ ગુણ : ૫૮**

**પ્રશ્ન : ૧(અ)** (૩)

| | |
|---|---|
| વ્યાજ- કરવેરા બાદનો નફો | રૂ.૫,૪૦,૦૦૦ |
| ૧૦%ના ડીબેન્ચર્સ | રૂ.૭,૫૦,૦૦૦ |
| કરવેરાનો દર | ૫૦% |
| રોકાયેલી મૂડી પર વળતરનો દર | ૨૦% |

રોકાયેલી મૂડી શોધો.

**(બ)** ખૂટતા આંકડાઓની ગણતરી કરી નીચે આપેલ કાર્યશીલ મૂડીમાં ફેરફાર દર્શાવતું પત્રક ફરથી લખો. **(૪)**

કાર્યશીલ મૂડીમાં ફેરફાર દર્શાવતુ પત્રક

| વિગત | ૩૧-૩-૧૬ | ૩૧-૩-૧૭ | કાર્યશીલ મૂડી | |
|---|---|---|---|---|
| | | | વધારો (રૂ) | ઘટાડો (રૂ) |
| **ચાલુ મિલકતો :** | | | | |
| સ્ટોક | ૨,૪૪,૦૦૦ | (?) | -- | ૬,૦૦૦ |
| દેવાદાર | (?) | ૧,૦૪,૪૦૦ | (?) | (?) |
| રોકડ | ૧,૫૬૦ | ૧,૨૮૦ | (?) | (?) |
| લેણીહૂંડી | ૭,૬૦૦ | ૬,૪૦૦ | (?) | (?) |
| અગાઉથી ચૂકવેલ ખર્ચ | ૪,૫૦૦ | (?) | ૧,૭૦૦ | -- |
| કુલ | (?) | (?) | | |
| **ચાલુ દેવાં:** | | | | |
| લેણદારો | ૭૬,૦૦૦ | ૧,૧૨,૦૦૦ | (?) | (?) |
| દેવીહૂંડી | ૪૦,૦૦૦ | (?) | ૨,૦૦૦ | |
| પ્રો.ફંડ | (?) | ૧,૨૯,૭૮૦ | (?) | (?) |
| | ૧,૮૫,૨૬૦ | (?) | | |
| કાર્યશીલ મૂડી (A-B) | (?) | (?) | | |

ચાલુ વર્ષે કાર્યશીલ મૂડીમાં ઘટાડો રૂ.૧,૨૧,૫૦૦ છે.

**(ક)** નીચેની વિગતો પરથી કંપનીધારા ૨૧૨ મુજબનો ગૌણ કંપનીનો નહિ નોંધાયેલ નફો શોધો. **(૩)**

| વર્ષ | ૨૦૧૩ | ૨૦૧૪ | ૨૦૧૫ | ૨૦૧૬ |
|---|---|---|---|---|
| ગૌણ કંપનીનો નફો | ૧,૦૦,૦૦૦ | ૧,૫૦,૦૦૦ | ૧,૭૫,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| ગૌણ કંપનીએ ધારણ કરેલા શેર (વર્ષની શરૂઆતથી) | ૯,૦૦૦ | ૧૨,૦૦૦ | ૧૦,૫૦૦ | ૯,૦૦૦ |
| ડિવિડન્ડની ચુકવણી (ગૌણ કંપનીએ કરેલ) | ૧૫,૦૦૦ | ૧૮,૦૦૦ | ૨૨,૫૦૦ | -- |
| ડિવિડન્ડનો દર | ૧૦% | ૧૨% | ૧૫% | જાહેર નહીં કરેલું |

નોંધ :એક ઇકિવટી શેર રૂ.૧૦નો છે.

**પ્રશ્ન : ૨** બજરંગ લિ. એ મહાબલિ લિ. પર અંકુશ ધરાવે છે. તેની કેટલીક વિગતો નીચે મુજબ છે. **(૧૪)**

(૧) બજરંગ લિ.એ મહાબલિ લિ.ના તા.૧-૪-૨૦૧૪ના રોજ ૨૦,૦૦૦ ઇક્વિટીશેરો રૂ.૩૦૦ના બજાર ભાવે અને ૪,૦૦૦ પ્રેફ.શેરો રૂ.૧૦ના સરભર ભાવે ખરીધા.

(૨) મહાબલિ લિ. નું તા.૧-૪-૨૦૧૪ના રોજ મૂડીમાળખુ નીચે મુજબ છે

| | |
|---|---|
| ઇક્વિટી શેરમૂડી (૨૫,૦૦૦ ઇક્વિટી શેર, દરેક રૂ.૧૦૦નો) | રૂ.૨૫,૦૦,૦૦૦ |
| ૧૦%ની પ્રેફ.શેરમૂડી (૧૦,૦૦૦ પ્રેફ.શેર દરેક રૂ.૧૦નો) | રૂ. ૧,૦૦,૦૦૦ |
| અનામતો | રૂ.૨૦,૦૦,૦૦૦ |
| નફા-નુકશાન ખાતુ (જમા બાકી) | રૂ. ૩,૦૦,૦૦૦ |

(૩) તા.૧-૪-૨૦૧૫ના રોજ બજરંગ લિ. એ મહાબલિ લિ.ના બીજા ૨,૦૦૦ શેરો રૂ.૧૫૦ના ભાવે ખરીધા અને તા.૧-૨-૨૦૧૬ના રોજ મહાબલિ લિ.ના ના ૭,૦૦૦ ઇક્વિટી શેરો રૂ.૧૮૦ના બજારભાવે વેચ્યા હતા.

(૪) ત્યારબાદ તા. તા.૧-૧-૨૦૧૭ના રોજ મહાબલિ લિ. એ તેના ઇક્વિટી શેરહોલ્ડરોને ૫:૩ના પ્રમાણમાં બોનસ શેર આપ્યા હતા. આ બોનસ શેર અંગે ભવિષ્યમાં જાહેર થનારા ડિવિડન્ડમાં સમયના પ્રમાણમાં અધિકાર આપેલ છે.

(૫) મહાબલિ લિ.ના છેલ્લા ત્રણ વર્ષના નફા અને ડિવિડન્ડની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | નફો | ડિવિડન્ડ |
|---|---|---|
| ૨૦૧૪-૨૦૧૫ | ૪,૦૦,૦૦૦ | ૧૦% |
| ૨૦૧૫-૨૦૧૬ | ૪,૫૦,૦૦૦ | ૧૨% |
| ૨૦૧૬-૨૦૧૭ | ૬,૦૦,૦૦૦ | ૧૫% |

(૬) બંને કંપનીનાં હિસાબી વર્ષો તા.૩૧મી માર્ચના રોજ પૂરા થાય છે. ભારતીય કંપનીધારાની કલમ ૨૧૨ મુજબનું તા.૩૧-૩-૨૦૧૭ના રોજ પૂરા થતા વર્ષના પોતાના હિસાબો સાથે બજરંગ લિ. એ રજૂ કરવાનું મહાબલિ લિ.માંના સમાયેલ અને નહિ સમાયેલ નફાને લગતું પત્રક તૈયાર કરો.

**પ્રશ્ન : ૨ (અ)** મોહન લિ. એ ૩૧મી માર્ચ, ૨૦૧૭ના રોજ પૂરા થતા વર્ષની માહિતી નીચે મુજબ આપી છે. **(૬)**

| | |
|---|---|
| (૧) ઇક્વિટી શેરમૂડી | રૂ. ૨૫,૦૦,૦૦૦ |
| (૨) આખર સ્ટોક | રૂ.૬,૦૦,૦૦૦ |
| (૩) કાચા નફાનો ગુણોત્તર | ૨૫% |
| (૪) સ્ટોક ઉથલો | ૫ વખત |
| (૫) ચોખ્ખો નફો/ વેચાણ | ૨૦% |
| (૬) ચોખ્ખો નફો/ મૂડી | ૧/૪ |

તમારે ૩૧મી માર્ચ, ૨૦૧૬નાં રોજ પૂરા થતા વર્ષ માટે વેપાર ખાતું અને નફા-નુકશાન ખાતું તૈયાર કરવાનું છે.

**(બ)** નીચેની માહિતી પરથી ધંધાનું પાકું સરવૈયું તૈયાર કરો. **(૮)**

| | |
|---|---|
| (૧) સ્ટોક ઉથલો (વેચેલ માલની પડતર પર આધારે) | ૭ વખત |
| (૨) કાચા નફાનો ગુણોત્તર | ૨૫% |
| (૩) વેચાણ સાથે કાયમી મિલકતો | ૨ વખત |
| (૪) દેવાદાર ગુણોત્તર (સરેરાશ દેવાદારને આધારે) | ૧.૫ માસ |
| (૫) ચાલુ ગુણોત્તર | ૨:૧ |
| (૬) પ્રવાહી ગુણોત્તર | ૧.૨૫ : ૧ |
| (૭) ચોખ્ખી કાર્યશીલ મૂડી | રૂ.૮,૦૦,૦૦૦ |
| (૮) અનામત અને વધારા સાથે મૂડી | ૦.૨૫ વખત |
| (૯) લાંબાગાળાનાં દેવા | નથી |

(૧૦) બધુ જ વેચાણ ઉધાર છે.

**પ્રશ્ન : ૩** વિરાટ લિ.નાં ૩૧મી ડિસેમ્બરના રોજનાં પાકા સરવૈયાં નીચે મુજબ છે. **(૧૪)**

| **જવાબદારીઓ** | **૨૦૧૫** | **૨૦૧૬** | **મિલકતો** | **૨૦૧૫** | **૨૦૧૬** |
|---|---|---|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી | | | પાઘડી | ૭૮,૦૦૦ | ૩૦,૦૦૦ |
| (દરેક રૂ.૨૦ના ભરપાઇ) | ૮,૦૦,૦૦૦ | ૧૬,૦૦,૦૦૦ | જમીન-મકાન | ૯,૦૦,૦૦૦ | ૧૫,૦૦,૦૦૦ |
| રિડીમેબલ પ્રેફ.શેર | | | યંત્રો | ૧૧,૦૦,૦૦૦ | ૧૪,૦૦,૦૦૦ |
| (દરેક રૂ.૧૦૦, રૂ.૮૦ | | | **રોકાણો :** | | |
| શેરદીઠ ભરપાઇ) | ૨,૫૬,૦૦૦ | -- | મયંક લિ.ના શેર | ૨૦,૦૦૦ | -- |
| મૂડી અનામત | ૧૦,૦૦૦ | ૨૦,૦૦૦ | સરકારી જામીનગીરી | ૧,૪૦,૦૦૦ | ૧,૮૦,૦૦૦ |
| મૂડી પરત અનામત | -- | ૧,૬૦,૦૦૦ | દેવાદારો | ૩,૦૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| જામીનગીરી પ્રિમીયમ | ૩૨,૦૦૦ | -- | સ્ટોક | ૧,૦૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| સામાન્ય અનામત | ૬,૦૦,૦૦૦ | ૭,૬૦,૦૦૦ | રોકડ હાથ પર | ૪૦,૦૦૦ | ૮૪,૦૦૦ |
| નફા-નુકસાન ખાતુ | ૪,૦૦,૦૦૦ | ૫,૦૦,૦૦૦ | શેર બહાર પાડવાના ખર્ચા | -- | ૩૬,૦૦૦ |
| ૯%ના ડિબેચર્સ | -- | ૧,૦૦,૦૦૦ | | | |
| લેણદારો | ૮૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ | | | |
| દેવી હૂંડી | ૮૦,૦૦૦ | ૪૦,૦૦૦ | | | |
| સૂચિત ડિવિડન્ડ | ૧,૨૦,૦૦૦ | ૧,૬૦,૦૦૦ | | | |
| કરવેરાની જોગાવઇ | ૧,૦૦,૦૦૦ | ૧,૩૦,૦૦૦ | | | |
| ઘસારા ફંડ | ૨,૦૦,૦૦૦ | ૨,૬૦,૦૦૦ | | | |
| | **૨૬,૭૮,૦૦૦** | **૩૮,૩૦,૦૦૦** | | **૨૬,૭૮,૦૦૦** | **૩૮,૩૦,૦૦૦** |

વધારાની માહિતી :

(૧) એક યંત્ર જેની મૂળકિંમત રૂ.૪૦,૦૦૦ છે જેના પર એકત્રિત ઘસારો રૂ.૧૦,૦૦૦ છે. તે રૂ.૩૬,૦૦૦માં વેચી દીધું હતું.

(૨) રોકાણો પૈકી મંયક લિ.ના શેર નફાથી વેચ્યા હતા અને તેનો નફો મૂડી અનામત ખાતે જમા કર્યો હતો.

(૩) સામાન્ય અનામતમાંથી ઇક્વિટી શેરહોલ્ડરોને ૨ : ૧ ના પ્રમાણમાં બોનસ શેર આપવામાં આવ્યા હતા.

(૪) બોનસ શેર આપવાથી વધેલી શેરમૂડી સહિતની શેરમૂડી પર ૫ : ૧ ના પ્રમાણમાં ઇક્વિટી શેરહોલ્ડરોને હકકના શેર તરીકે નવા ઇક્વિટી શેર આપવામાં આવ્યા હતા.

(૫) તા.૧-૪-૨૦૧૬ના રોજ રિડીમેબલ પ્રેફ.શેરનો બાકી હપતો મંગાવવામાં આવ્યો હતો, જે પૂરેપૂરો ભરપાઇ થઇ ગયો. તા.૩૦-૬-૨૦૧૬ના રોજ રિડીમેબલ પ્રેફ.શેર પર ૧૫% પ્રીમિયમે પરત કરવામાં આવ્યા હતા અને આ હેતુ માટે અડધી રકમ નફામાંથી લેવામાં આવી હતી અને બાકીની રકમના નવા ઇક્વિટી શેર ૧૦% પ્રીમિયમે બહાર પાડવામાં આવ્યા હતા.

(૬) હકકના શેર બહાર પાડવાનો ખર્ચ ૨૦૧૬થી એકસરખા દસ હપ્તામાં લખી વાળવાનો હતો.

(૭) ગત વર્ષના કરવેરાની જવાબદારી રૂ.૮૦,૦૦૦ ચૂકવી દેવામાં આવી છે અને તે વર્ષનું ઇક્વિટી શેરનું ડિવિડન્ડ પણ ચૂકવી આપવામાં આવ્યું હતું.

***તૈયાર કરો :***

(અ) કાર્યશીલ મૂડીમાં ફેરફારનું પત્રક અને

(બ) ભંડોળની પ્રાપ્તિ અને ઉપયોગ દર્શાવતું પત્રક

**અથવા**

**પ્રશ્ન : ૩** મહાવિર લિ. નીચે આપેલા ટૂંકાવેલ પાકા સરવૈયાં તા.૩૧મી માર્ચ, ૨૦૧૬ અને તા. ૩૧મી માર્ચ, ૨૦૧૭નાં હતા. **(૧૪)**

| **જવાબદારીઓ** | **૨૦૧૫-૨૦૧૬** | **૨૦૧૬-૨૦૧૭** | **મિલકતો** | **૨૦૧૫-૨૦૧૬** | **૨૦૧૬-૨૦૧૭** |
|---|---|---|---|---|---|
| રૂ.૧૦નો એક એવા ૧૫,૦૦૦ | | | કાયમી મિલકતો | ૨,૧૦,૦૦૦ | ૨,૩૦,૦૦૦ |
| ઇક્વિ.શેર, શેરદીઠ રૂ.૮ ભરપાઇ | ૧,૨૦,૦૦૦ | -- | રોકાણો | ૪૦,૦૦૦ | ૫૨,૦૦૦ |
| રૂ.૧૦નો એક એવા ૧૮,૦૦૦ | | | સ્ટોક | ૧,૧૦,૦૦૦ | ૧,૩૬,૦૦૦ |
| ઇક.શેર, પૂરા ભરપાયેલા | -- | ૧,૮૦,૦૦૦ | દેવાદારો | ૯૦,૦૦૦ | ૮૮,૦૦૦ |
| ૧૨%ની પ્રેફ.શેરમૂડી | ૧,૦૦,૦૦૦ | ૭૦,૦૦૦ | રોકડ અને બેંક | ૧૪,૦૦૦ | ૩૩,૦૦૦ |
| પ્રેફ.શેર પરતનું પ્રીમિયમ | ૫,૦૦૦ | ૩,૫૦૦ | પ્રાથમિક ખર્ચ | ૨,૦૦૦ | ૧,૦૦૦ |
| સામાન્ય અનામત | ૮૦,૦૦૦ | ૪૦,૦૦૦ | | | |
| નફા-નુકશાન ખાતું | ૨૬,૬૦૦ | ૪૫,૦૦૦ | | | |
| ૧૫%ના ડિબેન્ચર્સ | ૨૦,૦૦૦ | ૬૦,૦૦૦ | | | |
| લેણદારો | ૮૦,૦૦૦ | ૯૫,૦૦૦ | | | |
| ઇક.શેર પર સૂચિત ડિવિડન્ડ | ૧૪,૪૦૦ | ૨૨,૫૦૦ | | | |
| કરવેરાની જોગવાઇ | ૨૦,૦૦૦ | ૨૪,૦૦૦ | | | |
| | **૪,૬૬,૦૦૦** | **૫,૪૦,૦૦૦** | | **૪,૬૬,૦૦૦** | **૫,૪૦,૦૦૦** |

વધારાની માહિતી :

(૧) વર્ષ દરમિયાન કંપનીએ અંશતઃભરપાઇ થયેલ શેરને પૂરા ભરપાઇ બનાવવા શેરદીઠ રૂ.૨નું બોનસ જાહેર કર્યું અને આ ઉદ્દેશ માટે સામાન્ય અનામતનો ઉપયોગ કર્યો.

(૨) વર્ષ દરમિયાન કંપનીએ પાંચ શેરના બદલામાં એક શેર દાર્શનિક કિંમતે હકકના શેર તેમના ઇક્વિટી શેરહોલ્ડરોને આપ્યા.

(૩) તા.૩૧મી માર્ચ, ૨૦૧૭ના રોજ પ્રેફ.શેર ૫%ના પ્રીમિયમે પરત કર્યા.

(૪) વર્ષ દરમિયાન યંત્ર જેની પડતર કિંમત રૂ.૧૨,૦૦૦ (આજ દિન સુધી એકત્રિત ઘસારો રૂ.૩,૦૦૦) રૂ.૯,૫૦૦માં વેચ્યું. વર્ષ દરમિયાન કાયમી મિલકતો પર રૂ.૧૫,૦૦૦ ઘસારાની જોગાવઇ કરવામાં આવી હતી.

(૫) ગયા વર્ષનું ઇક્વિટી સૂચિત ડિવિડન્ડ ચૂકવ્યું હતું અને વચગાળાનું ડિવિડન્ડ રૂ.૯,૦૦૦ ચૂકવવામાં આવ્યું હતું.

(૬) ગયા વર્ષના કરવેરાના રૂ.૨૪,૦૦૦ ચૂકવવામાં આવ્યા હતા અને દર વર્ષે તા.૩૧મી માર્ચના રોજ પ્રેફ.શેર ડિવિડન્ડ ચૂકવવામાં આવે છે.

ઉપરોકત વિગતો પરથી તૈયાર કરો.

(અ) કાર્યશીલ મૂડીમાં ફેરફાર દર્શાવતું પત્રક

(બ) ભંડોળની પ્રાપ્તિ અને ઉપયોગ દર્શાવતું પત્રક

**પ્રશ્ન : ૪ ટૂંકનોંધ લખો (ગમે તે બે)** **(૧૨)**

(૧) પાકા સરવૈયા પછી ઉદ્દ્ભવતા બનાવો અંગે કંપનીધારાની જોગાવઇ

(૨) ભંડોળની પ્રાપ્તિ અને ઉપયોગના સાધનો

(૩) નફાકારકતાના ગુણોત્તરો (ગમે તે બે)

(૪) શાસક કંપનીનું હિત અને મૂડીનફો -મહેસૂલી નફો